media release

ત્વરિત જાહેરાત માટે

**2019 એક્સેસિબિલિટી ઍવોર્ડ્સમાં બીકન્સ ઓફ એક્સેસિબિલિટી એન્ડ ઇનક્લુઝનની કદર કરવામાં આવી**

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 11, 2019): સીટી ઓફ બ્રેમ્પટનના 2જા વાર્ષિક એક્સેસિબિલિટી ઍવોર્ડ્સમાં એક સ્પોર્ટ્સ કોચ, એક ઈવેન્ટ પ્લાનર અને અશક્ત લોકો દ્વારા અને તેઓ માટેની સંસ્થા લેટેસ્ટ ઍવોર્ડ વિજેતાઓ બન્યા છે.

નામાંકનો (નોમિનેશન્સ)નું મૂલ્યાંકન સુલભતા પહેલોમાં શ્રેષ્ઠ યોગદાન આપવું, સુલભતા જાગરૂકતાને પ્રોત્સાહન આપવું, સુલભ ગ્રાહક સેવા પૂરી પાડવી, અશક્ત લોકોને સમુદાયમાં સહભાગી થવા દેવામાં મદદ કરીને તેઓને અનુરૂપ થવું અને સમાન રોજગારની તકો પૂરી પાડવી જેવા ક્ષેત્રોમાં, બ્રામ્પટનના સમુદાયે આપેલા ફાળાના આધારે તેઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

બ્રેમ્પટનવાસીઓ અશક્ત લોકોનું જે રીતે સશક્તિકરણ કરી રહ્યા છે તેના તેજસ્વી ઉદાહરણો ઍવોર્ડ મેળવનાર વ્યક્તિઓ છે અને ડિસેમ્બર 10 નાં રોજ યોજાયેલા એક રિસેપ્શનમાં તેઓની કદર કરવામાં આવી હતી:

**કમ્યુનિટી મેમ્બર ઍવોર્ડ**: કેન હૉલ, કોચ – ક્રુઝર્સ સ્પોર્ટ્સ ફોર ધી ફિઝિકલી ડિસેબલ્ડ
કેન ક્રુઝર્સ સ્પોર્ટ્સ ફોર ધી ફિઝિકલી ડિસેબલ્ડ માટે એક સ્વયંસેવી પૅરા આઇસ હૉકી અને ટ્રેક એન્ડ ફીલ્ડ કોચ છે. તેઓ અશક્ત લોકો માટે સુદૃઢ હિમાયતી છે અને તેમણે બધાં લોકો માટે સુલભ રમતગમતને પ્રોત્સાહન આપવા અસંખ્ય વર્ષો સમર્પિત કર્યા છે. તેમનો બ્રેમ્પટનમાં ક્રુઝર્સ અને સુલભ રમત માટેનો જુસ્સો અને કટિબદ્ધતા અજોડ છે.

**બિઝનેસ ઍવોર્ડ**: એન્ડ્રીયા ઝકારી, ફાઉન્ડર ઓફ DEF ઈવેન્ટ્સ એન્ડ બિયોન્ડ
એન્ડ્રીયા એક ઈવેન્ટ પ્લાનર છે જે સાંભળી શકતા લોકોનો સમુદાય અને બહેરા કે સાંભળવાની સમસ્યા ધરાવતા લોકોનો સમુદાય એકબીજા સાથે સંવાદ કરવાનું શીખે તેવા સામાજિક વાતાવરણમાં તેઓને સાથે લાવીને તેઓ વચ્ચેનું અંતર દૂર કરવા ધ્યાન કેન્દ્રિત કરનાર ઈવેન્ટ પ્લાનર છે. તેણીનું જીવનસૂત્ર છે, "ડીફ કેન (બહેરી વ્યક્તિ સક્ષમ હોય છે)" અને ફેરફારના એજન્ટ તરીકે, તેણી અવરોધો તોડવાનું, અન્ય લોકોને શિક્ષિત, પ્રોત્સાહિત અને પ્રેરિત કરવાનું ચાલુ રાખે છે.

**કમ્યુનિટી ગ્રૂપ ઍવોર્ડ**: કેનેડિયન સાઉથ એશિયન્સ સપોર્ટિંગ ઇન્ડિવિજ્યુઅલ લિવિંગ
કેનેડિયન સાઉથ એશિયન્સ સપોર્ટિંગ ઇન્ડિવિજ્યુઅલ લિવિંગનું લક્ષ્ય અશક્ત દક્ષિણ એશિયાઇ લોકોને પોતાના જીવન લક્ષ્યો હાસલ કરવા અને સ્વતંત્રપણે અને ગૌરવપૂર્વક જીવન જીવવામાં સહાયતા કરવાનું છે. આ સંસ્થા સુલભતા જાગરૂકતા, અશક્ત લોકોના અધિકારોને પ્રોત્સાહન આપે છે અને લોકો અને લોકોના કુટુંબીજનો માટે સપોર્ટ નેટવર્ક્સ બનાવે છે.

**અવતરણો (ક્વૉટ્સ):**
"ઍવોર્ડ મેળવનારાઓએ સ્વતંત્ર જીવનને સહાયતા આપવા પોતાની કટિબદ્ધતા પર ખરેખરી કામગીરી કરી છે. તેઓએ અશક્ત લોકોને વિશ્વાસ અને ગૌરવપૂર્વક જીવવામાં તેઓનું સશક્તિકરણ કર્યું છે, એ દેખાડીને કે તેઓ સક્રિય, પ્રવૃત્ત અને સમુદાયના મૂલ્યવાન સભ્યો છે. અહીં શહેરમાં, અમે અમારી સેવાઓ અને કાર્યક્રમો વધારે સુલભ બનાવવા તેને સુધારવા પર અને આપણાં શહેરના મોઝેઇકને ટેકો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

- *મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown)*

"એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટીમાં કાઉન્સિલ પ્રતિનિધિ તરીકે, હું સંખ્યાબંધ પ્રકારના સુલભતા પડકારો વિશે સાંભળીને ઘણી વાર નમ્ર બની જઉ છું. સમુદાય સાથે કામ કરીને, અમે પોતાના રોજીંદા જીવનમાં અને પોતાના કાર્યસ્થળે સુલભતા અને સમાવેશમાં ચેમ્પિયન લોકોની વધારે જાગરૂકતા વધારવાનું ચાલુ રાખીશું, અને બધી ઉંમરના અને ક્ષમતાઓ ધરાવતા લોકો માટે બ્રેમ્પટનને વધારે સુલભ બનાવવા પ્રયત્નશીલ છીએ."

- *પ્રાદેશિક કાઉન્સિલર પૅટ ફોર્ટીની (Pat Fortini), એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી કાઉન્સિલ સભ્ય*

BRAMPTON Flower City
brampton.ca

# media release

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.


**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઑર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca